## આરાસુરની અંબિકા

(ફિલ્મઃ મા અંબા ગબ્બરવાળી)

આરાસુરની અંબિકા કંઈ ઝૂલે હિંડોળા ખાટ,
અવનીના દરબારમાં રમવા નિસર્યાં માત.
માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે (૨)
સજી સોળ રે શણગાર, મેલી દીવડા કેરી હાર. માએ.
ગબ્બરની લઈ માંડવી, માથે ધુમતી મોરી માત,
ચૂંદલડીમાં ચળકે ઝાઝી રૂપલે મઢી રાત,
જોગમાયા ને અંગ નર્યો નીતરે ઉમંગ,
રમે જોગણીઓ સંગ, રૂડો અવસરનો રંગ. માએ.
માએ પાથર્યો પ્રકાશ ચૌદ લોકમાં રે, માએ ગરબો...
ચારો જુગનો ચુડલો, માનો સોળે કળાનો પંથ,
અંબાના અણસારા વિના, હાલે નહીં પાન.
માના રૂપની નહીં જોડ, એને રમવાના છે કોડ,
માની ગરબા કેરી હોડ......માએ.
માએ ગરબો ચગાવ્યો ચાચર ચોકમાં રે,
રંગતાળી, રંગતાળી, રંગતાળી કે ધુમે ગબ્બરવાળી.
સંગ ધુમે છે બહુચરબાળી, કે સંગમાં રંગતાળી.
કે સોહે અંબે આરાસુરવાળી, રંગમાં રંગતાળી,
મોરી માવલડી મતવાલી કે રંગતાળી રંગતાળી.